## તા.૧૯–૦૭–૨૦૧૩ના રોજ મળેલ કારોબારી સમીતીની મીટીંગની કાર્યવાહી નોંધ...

---

કામ નં.–૧.

વિષયઃ–સેનેટરી ખાતામા કામદાર તરીકે ફરજ બજાવતા કર્મચારીશ્રી ભાનુબેન છનાભાઈ સોલંકી,તા.: ૩ /૬ / ૨૦૧૩ ના રોજ અવસાન પામેલ હોય, નિયમોનુસાર તેઓની નીકળતી ગ્રેજયુટી,વિગેરેની રકમ, તેઓના વારસદાર જયંતી છનાભાઈ તથા લક્ષ્મી છનાભાઈ સોલંકીને ચુકવવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાના સેનેટરી ખાતામા કામદાર તરીકે ફરજ બજાવતાં કર્મચારીશ્રી ભાનુબેન છનાભાઈ સોલંકી, તા.:૩/૬/૨૦૧૩ ના રોજ મરણ પામેલ હોય, તેઓના મરણ બાદ તેઓની તેમની નિયમોનુસાર ગ્રેજયુટી વિગેરેની નીચે જણાવેલ રકમ તેઓના વારસદાર જયંતી છનાભાઈ તથા લક્ષ્મી છનાભાઈ સોલંકીને ચુકવવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

૧) ગ્રેજયુટી રૂા.૪,૮૯,૮૮૮/–

સ.મ.મંજુર..

કામ નં.–૨.

વિષયઃ– ગુ. મ્યુ. ફા. બોર્ડના પત્ર ક્રમાંક : મફબ / મનોકર / કેબલ ટીવી / ગ્રાંટ ફાળવણી / ૨૦૧૩ – ૨૦૧૪ / વશી – ૧૦૬૨૪ તા. ૨૬–૦૬–૨૦૧૩ થી વલસાડ નગરપાલિકાને ૨૦૧૩–૨૦૧૪ ના વર્ષ માટે મનોરંજન કેબલ ટીવી.ગ્રાંટ રૂા.૧૧,૬૧,૧૧૨–પુરાની ફાળવેલ ગ્રાંટમાંથી શહેરી વિકાસના કામો કરવા બાબત..

ઠરાવઃ–

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડના પત્ર ક્રમાંક : મફબ / મનોકર / કેબલ ટીવી / ગ્રાંટ ફાળવણી / ૨૦૧૩–૨૦૧૪ / વશી–૧૦૬૨૪ તા.: ૨૬–૦૬–૨૦૧૩ થી વલસાડ નગરપાલિકાને સને ૨૦૧૩–૧૪ ના વર્ષ માટે " મનોરંજન કર કેબલ ટીવી. " અંતગર્ત રૂા.૧૧,૬૧,૧૧૨–૦૦પુરાની ગ્રાંટ ફાળવવામાં આવેલ છે. ઉપરોકત ગ્રાન્ટમાંથી ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ, ગાંધીનગરની માર્ગદર્શીકા મુજબ અગ્રતાક્રમ મુજબના કામો કરવા અંગે નિયમોનુસારની દરખાસ્ત તૈયાર કરવા જરૂરી જનરલ બોર્ડના ઠરાવ સહીતની દરખાસ્ત મે.કલેકટરશ્રી, વલસાડને મોકલવા અંગે, નીચે જણાવ્યા પ્રમાણેના કામો નકકી કરી, દરખાસ્ત તૈયાર કરી મોકલવાનું મંજુર કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

| અ.નં. | કામની વિગત. | એસ્ટી. રકમ રૂા. |
|---|---|---|
| ૧. | વ.ન.પા. હદ વિસ્તારમાં આવેલ ડ્રેનેજ ચેમ્બરોની સફાઈ કામ માટે સુરતની એજન્સીને કામ આપવા બાબત. | ૧૧,૬૧,૧૧૨–૦૦. |

વધુમાં ફાળવેલ ગ્રાંટ કરતાં જો ખર્ચની રકમ વધુ થશે તો તે વધારાનો ખર્ચ નગરપાલિકા સ્વભંડોળમાંથી કરવાનો રહેશે.

સ.મ.મંજુર..

કામ નં.–૩.

વિષયઃ– શ.વિ.અને શ.ગૃ.નિ.વિભાગ ગાંધીનગરના ઠરાવ ક્રમાંકઃ નં.સજય / ૧૦૨૦૧૨ / ૨૨૭ / ધ. તા. ૨૪ – ૦૬ – ૨૦૧૩ થી વલસાડ નગરપાલિકાને ૨૦૧૩–૨૦૧૪ ના વર્ષ માટે સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના (યુ.ડી.પી.–૭૮)હેઠળ રૂા.૩,૦૦,૦૦,૦૦૦–પુરાની ફાળવેલ ગ્રાંટમાંથી શહેરી વિકાસના કામો કરવા બાબત.. ..૨..

ઠરાવ.:–

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, શ.વિ.અને શ.ગૃ.નિ.વિભાગ ગાંધીનગરના ઠરાવ ક્રમાંકઃ નં.સજય / ૧૦૨૦૧૨ / ૨૨૭ / ધ. તા. ૨૪ – ૦૬ – ૨૦૧૩ થી વલસાડ નગરપાલિકાને ૨૦૧૩–૨૦૧૪ ના વર્ષ માટે સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના (યુ.ડી.પી.–૭૮) ૨૦૧૩–૨૦૧૪ થી રૂા.૩,૦૦,૦૦,૦૦૦–પુરાની ગ્રાંટ ફાળવવામાં આવેલ છે. ઉપરોકત ગ્રાન્ટમાંથી અનુસંધાન પત્ર સાથે આવેલ માર્ગદર્શીકા મુજબ અગ્રતાક્રમ મુજબના કામો કરવા અંગે નિયમોનુસારની દરખાસ્ત તૈયાર કરવા જરૂરી જનરલ બોર્ડના ઠરાવ સહીતની દરખાસ્ત મે.કલેકટરશ્રી, વલસાડને મોકલવા અંગે, નીચે જણાવ્યા પ્રમાણેના કામો નકકી કરી, દરખાસ્ત તૈયાર કરી મોકલવાનું મંજુર કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

| અ.નં. | કામની વિગત. |
|---|---|
| ૧. | વોર્ડ નં.–૧ નાં બંદર રોડ, ખીમચંદ મુળજી સામે વિગેરે જુદા જુદા વિસ્તારોમાં પેવર બ્લોક તથા વલસાડ પારડી વિસ્તારમાં રામભાઈનાં ધરથી તરીયાવાડ તરફ જતી ખુલ્લી ઓપન કાંસની જગ્યાએ રબલ મેશનરી ગટર બનાવવાનું તથા વાડી ફળીયાવાળી ગટરને બદલે પાકી ગટર બનાવવાનું કામ. |
| ૨. | વોર્ડ નં.–૨માં હનુમાનજી મંદીરની સામે આવેલ સ્વ.ભીખુભાઈ ભંડારીનાં ધર પાસેની ગલીમાં પેવર બ્લોકનો રસ્તો બનાવવાનું કામ. |
| ૩. | વોર્ડ નં.–૩નાં કાશીબા ચેમ્બર શ્રોફ ચાલ સામેના ભાગે તથા જગદંબા એપાર્ટ લાઈન સ્ટ્રોમ વોટર ડ્રેઈન આર.સી.સી.ગટરનું બાંધકામ તથા ઐયાઝભાઈનાં ધરવાળો વિસ્તાર,ધનભુરા રોડ વિગેરે વિસ્તારમાં પાકી ગટર બ્રીક મેશનરી બનાવવાનું કામ. |
| ૪. | વોર્ડ નં.–૪ વિસ્તારમાં જુદી જુદી જગ્યાઓએ ઈંટનાં ચણતર કામવાળી ગટરનું બાંધકામ. |
| ૫. | વોર્ડ નં.–૫ નાં કે બેકરી સામે વિગેરે જુદા જુદા વિસ્તારોમાં પાકી ઈંટનાં ચણતર કામવાળી ગટરનું બાંધકામ. |
| ૬. | વોર્ડ નં.–૬માં મુસ્તુફા વઝીરની ચાલ,બેચરરોડ, શાકભાજી માર્કેટની બહારના ભાગે,મદનવાડ પાણીની ટાંકીની ફરતે પેવર બ્લોક બેસાડવા અંગેનું કામ. |
| ૭. | વોર્ડ નં.–૭નાં ફકીરભાઈનાં ધર પાસે વિગેરે જુદા જુદા વિસ્તારોમાં પેવર બ્લોક બેસાડવા અંગેનું કામ.. |
| ૮. | વોર્ડ નં.–૮ માં આવેલ હાઈસ્કુલ પાસે તથા કોટેશ્વરનું બાકી રહેલ પેવર બ્લોક બેસાડવા અંગેનું કામ. |
| ૯. | વોર્ડ નં.–૯માં જુદા જુદા વિસ્તારોમાં બ્રીક મેશનરી ગટર, આર.સી.સી.સ્લેબ વિગેરેનું કામ.. |
| ૧૦. | વોર્ડ નં.–૧૦માં ડોકટર હાઉસની પાછળના ભાગે નવી ડ્રેનેજ પાઈપલાઈન તથા મીશન કોલોની સત્યમ સોસાયટી પાસે પેવરબ્લોકનું કામ. |
| ૧૧. | વોર્ડ નં.–૧૧માં મુલ્લાવાડી વિસ્તારમાં મેઈન રોડ તથા બાગની બંને બાજુએ પેવર બ્લોકનું કામ. તથા હરીશભાઈ પટેલના ધર પાસે મંદીરથી શાપુરનગર તરફ જતો બાદશાહનો રસ્તો. |
| ૧૨. | વોર્ડ નં.–૧૨ માં તીથલ રોડ વિસ્તારોમાં પત્રકાર રોડ,દિવ્યેશની ગલી વિગેરે વિસ્તારની જુદી જુદી ગટરનાં કામો.. |
| ૧૩. | વોર્ડ નં.–૧૩ નાં ધરમપુર રોડ,એસ.ટી.વર્કશોપ સામે તથા વસનજી પાર્ક વિગેરે વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલની પાઈપલાઈન નાંખવાનું કામ. |
| ૧૪. | વોર્ડ નં.–૧૪ નાં અબ્રામા વિસ્તારમાં આવેલ નાયકીવાડ તથા આહીરવાડ વિસ્તારમાં પેવર બ્લોક બેસાડવાનું કામ. |
| ૧૫. | અબ્રામા ડ્રેનેજને લીધે થયેલ નુકશાન માટે કરેલ કામગીરી કરવા માટે.. |
| ૧૬. | ૩–ડી, હોલો સીસ્ટમ મ્યુઝીયમ માટે.. |

વધુમાં ફાળવેલ ગ્રાંટ કરતાં જો ખર્ચની રકમ વધુ થશે તો તે વધારાનો ખર્ચ નગરપાલિકા સ્વભંડોળમાંથી કરવાનો રહેશે.

સ.મ.મંજુર..

કામ નં.–૪.

વિષયઃ– શાળા સમિતિ ઠરાવ નં.૧ / તા.:૪–૬–૨૦૧૩ ની ભલામણ મુજબ શાળામાં ધો–૬ થી ૮ પ્રાથમિક વિભાગમાં બી.એસ.સી. / બી.એડ. મ.શિ.તથા પટાવાળાની ભરતી કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:–</u>

શાળા સમિતિ ઠરાવ નં.૧ / તા.:૪–૬–૨૦૧૩ ની ભલામણ મુજબ શાળામાં ધોરણ–૬ થી ૮ પ્રાથમિક વિભાગમાં ધોરણ–૬–સંખ્યા–૧૦, ધોરણ–૭ માં સંખ્યા–૧૨, ધોરણ–૮માં સંખ્યા–૧૪ મળી કુલ સંખ્યા–૩૬ જણાતા સરકારશ્રીના પરિપત્ર મુજબ ધોરણ–૬ થી ૮ માં કુલ–ત્રણ શિક્ષકો મળવાપાત્ર થાય છે. શાળા પાસે હાલમાં ત્રણ શિક્ષકો છે પરંતુ શાળા પાસે ગણિત / વિજ્ઞાનના શિક્ષક નથી જે અંગે બી.એસ.સી. / બી.એડ.શિક્ષકની માંગણી કરેલ છે તેમજ એક નવો પટાવાળો લેવાનુ નકકી કરેલ છે જે અંગે કમીટીમાં ચર્ચા–વિચારણાના અંતે નકકી થયું કે, નિયમોનુસાર કાર્યવાહી કરી જરૂરીયાત મુજબ એડહોક રીતે નિમણુંક કરી રાખવાનું મંજુર કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>કામ નં.–૫.</u>

<u>વિષય:–</u>શાળા સમિતિ ઠરાવ નં.૨ / તા.:૪–૬–૨૦૧૩ ની ભલામણ મુજબ શાળાનું ગ્રાઉન્ડ ભાડા આપવાના ઠરાવમાં સુધારો કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:–</u>

શાળા સમિતિ ઠરાવ નં.૨ / તા.:૪–૬–૨૦૧૩ ની ભલામણ મુજબ,ડી.એમ.ડી.જી.મ્યુનિ. હાઈસ્કુલ શાળાનું મેદાન અગાઉ વલસાડ નગરપાલિકાની જનરલ બોર્ડમાં સ્કે.ફુટ ઉપર આપવા અંગેનો ઠરાવ થયેલ છે. જેને કારણે છેલ્લા–બે વર્ષથી શાળાનું મેદાન ભાડા ઉપર કોઈ લેતુ નથી. જેને કારણે શાળાના મેદાન થકી જે આવક શાળાના વલસાડ નગરપાલિકા સંચાલિત એજયુકેશન વલસાડ ધ્વારા ચાલતી કે.જી.થી ધોરણ–૫ માં જે રકમ મેદાન ધ્વારા જમા થતી હતી તે બંધ થવા પામેલ છે.

શાળાના મેદાનને અગાઉના વર્ષમાં ઉચ્ચક ભાડાથી આપવામાં આવે તો વાર્ષીક થોડી આવક મળી રહે તેમ છે. અને તે આવકની રકમ કે.જી.થી ધોરણ–૫ ના એજયુકેશન ટ્રસ્ટમાં જમા થાય તો વલસાડ નગરપાલિકાને પગાર ચુકવવામાં થોડી રકમની રાહત થઈ રહે તેવા હેતુને ધ્યાને લઈ શાળા સમીતી ધ્વારા જનરલ બોર્ડમાં થયેલ ઠરાવમાં ફેરફાર કરવાનું ઠરાવેલ છે જે હકીકતો ધ્યાને લઈ ફકત શાળાનું મેદાન સ્કે.ફુટ ઉપર આપવાન બદલે ઉચ્ચક ભાડાની રકમ લઈ ફકત ડી.એમ.ડી.જી. મ્યુનિ. હાઈસ્કુલ પુરતુ ઉચ્ચક ભાડાની રકમ વસુલ લઈ ફાળવવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>કામ નં.–૬.</u>

<u>વિષય:–</u>શાળા સમિતિ ઠરાવ નં.૩ / તા.:૪–૬–૨૦૧૩ ની ભલામણ મુજબ શાળાના દક્ષીણ ભાગથી શાળાની દિવાલ થી ૧૦ ફુટ અંદર લઈ બહારના ભાગમાં શોપીંગ સેન્ટર બનાવવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:–</u>

શાળા સમિતિ ઠરાવ નં.૩ / તા.:૪–૬–૨૦૧૩ ની ભલામણ મુજબ, શાળાના દક્ષીણ ભાગમાં આવેલ શાળાના મેદાનની બાજુમાં જે લારી ગલ્લા મુકવામાં આવેલ છે. તે જગ્યા ઉપર શાળાની દિવાલથી દસ ફુટ અંદરના ભાગથી શોપીંગ સેન્ટર બનાવવામાં આવે તો તેના થકી થતી આવકથી શાળાનું મકાનનું રીપેરીંગ કામકાજ તથાનવી બારીનું આયોજન સરળતાથી થઈરહે તે હેતુને ધ્યાનમાં લઈ ઉપરોકત શાળાના દક્ષિણ ભાગમાં આવેલ જગ્યા ઉપર શોપીંગ સેન્ટર બનાવવા માટે ઠરાવવામાં આવેલ છે. જે અંગે કમીટીમાં ચર્ચા–વિચારણાને અંતે હાલે ઉપરોકત આવેલ કામ મુલતવી રાખવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>કામ નં.–૭.</u>

<u>વિષયઃ–</u> નગરપાલિકાના ફુડ ઈન્સ્પેકટર શ્રી નયનભાઈ.બી.શેઠની તા.:૧–૬–૨૦૧૩ ની આવેલ અરજીમાં જણાવ્યા મુજબ, સ્વૈચ્છીક નિવૃત્તી મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, નગરપાલિકામાં ફુડ ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા શ્રી નયનભાઈ શેઠે તેમની નાદુરસ્ત તબીયતના કારણે તેમની ફરજમાંથી તા.:૩૧–૮–૨૦૧૩ ના રોજની ફરજ બાદ સ્વૈચ્છીક નિવૃતી માંગતી અરજી તા.:૧–૬–૨૦૧૩ ના રોજ કરેલ છે.

શ્રી નયનભાઈ બી.શેઠની નિમણુંક નગરપાલિકામાં તા.:૧/૨/૧૯૭૮ થી થયેલ છે. તે જોતાં તેમની નોકરીનો સમયગાળો ૩૫ વર્ષ અને ૬ માસ જેટલો થયેલ છે. નામદાર સરકારશ્રી ધ્વારા અમલમાં મુકેલ બી.સી.એસ.આર.ના પ્રકરણ–૧૦ ના પેન્શન ૧૨.૦ સ્વૈચ્છીક નિવૃતી (૨૫–વર્ષની નોકરી પછી )ની નાણાં વિભાગના તા.:૮–૧૦–૧૯૭૦ ના સરકારી ઠરાવમાં જણાવેલ શરતોને આધીન સરકારે વખતો વખત ટેકનીકલ કર્મચારીઓ / અધિકારીઓ તરીકે જેમને પણ જાહેર કરેલ હોય તે સહીતના કોઈપણ કર્મચારી પોતે સ્વૈચ્છાએ ૨૫ વર્ષની પેન્શન પાત્ર નોકરી પુરી કર્યા પછી ગમે તે સમયે ત્રણ મહીનાની નોટીશ આપીને નિવૃત થઈ શકે છે."ની જોગવાઈ જોતાં અરજદાર કર્મચારીએ ૨૫ વર્ષથી પેન્શન પાત્ર નોકરી પુર્ણ કરેલ હોય અને સ્વૈચ્છીક રીતે સ્વૈચ્છીક નિવૃતી થઈ શકે તેમ હોય તેમજ જોગવાઈ મુજબ તેમણે તા.:૧–૬–૨૦૧૩ થી અરજી પણ આપેલ હોય તેમની સ્વૈચ્છીક નિવૃતી મંજુર કરવાપાત્ર થતી હોય, તા.: ૩૧–૮–૨૦૧૩ ના રોજની ફરજબાદ તેમની સ્વૈચ્છીક નિવૃતી મંજુર કરવા તથા તેઓની નિવૃતી બાદ તેમની નિયમોનુસાર નીકળતી ગ્રેજયુટી, રૂપાંતરીત પેન્શન, વિગેરે ચુકવવાપાત્ર થતી રકમની ગણતરી કરી ચુકવવાનું મંજુર કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

–સ.મ.મંજુર..

<u>કામ નં.–૮</u>

<u>વિષયઃ–</u> વલસાડ નગરપાલિકાના ટાવર કલોકને ઈલેકટ્રોનીક બનાવી બેકઅપ સીસ્ટમ આપી ચાલુ કરવા માટે ન્યુ ઈન્ડસ્ટ્રીયલ કલોક કંપની,સુલભ એપાર્ટમેન્ટ,તીથલ રોડ, વલસાડની તા.:૧૩–૪–૨૦૧૩ ની આવેલ અરજીમાં જણાવ્યા મુજબ, કાયમી ધોરણે ચલાવવા માટે આવેલ આશરે અંદાજીત ખર્ચ રૂા.૧,૫૦,૦૦૦/– પુરા મંજુર કરી, ટાવર કલોકની સર્વીસ, રીપેરીંગ,અને નિભાવવાની કામગીરી કરાવવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે,ન્યુ ઈન્ડસ્ટ્રીયલ કલોક કંપની,સુલભ એપાર્ટમેન્ટ,તીથલ રોડ, વલસાડના આવેલ પત્ર તેમજ સદર એજન્સી ધ્વારા સુરત મહાનગરપાલિકા તેમજ વડોદરા મહાનગરપાલિકામાં ટાવર ઉપર આવેલ કલોક ટાવરની સર્વીસ,રીપેરીંગ અને નિભાવવાની કામગીરી તેઓશ્રી ધ્વારા કરતા હોવાના પત્ર આવેલ છે. તેઓશ્રી ધ્વારા વલસાડ નગરપાલિકાના કલોક ટાવરને રીપેર કરવા અંગે આવેલ પત્રમાં નીચે મુજબની વિગતો જણાવેલ છે.

૧)નગરપાલિકાને લોલકવાળુ ઘડીયાળ છે તેને ઈલેકટ્રોનીક બનાવી બેટરી લોકઅપ સીસ્ટમ આપી ચાલુ કરી શકાય.

૨)ટકોરા માટેના યુનીટમાં મોટરથી વાયન્ડીંગ ગીયર બોક્ષ વીથ મોટર લગાવી ટકોરા પડશે.

૩)લાઈટ જાય તેવા સંજોગોમાં ૨૪ કલાક બેટરીથી ઘડીયાળ ચાલશે.

..૫..

૪)કલોકમાં જે સ્પેરપાર્ટસ બગડેલ છે. જેને તૈયાર કરી ફરીથી ચાલુ કરવામાં આવશે. જરૂર જણાય ત્યાં નવા સ્પેર પાર્ટસ નાંખવામાં આવશે.

૫)એજન્સીને વર્ક ઓર્ડર આપ્યા બાદ આશરે ૪૫ દિવસનો સમયગાળો કામગીરી માટે આપવાનો રહેશે.

૬)કલોકને ચાલુ કરવા અને કાયમી ધોરણે ચલાવવા માટે આશરે રૂા.૧,૫૦,૦૦૦/– જેટલો ખર્ચ થવાની સંભાવના છે.

૭)એજન્સીને કામ સોંપવામાં આવે યાને કે વર્ક ઓર્ડર આપવામાં આવે તો ૫૦% રકમ એડવાન્સ ચુકવવા જણાવેલ છે.એજન્સી ધ્વારા આવેલ ૫ત્ર અંદાજીત એસ્ટીમેઈટ તેમજ સુરત મહાનગરપાલિકાની કચેરીઓ ખાતે આવેલ કલોક ટાવર વાર્ષિક નિભાવણી કામગીરી અંગેનો વર્ક ઓર્ડર તેમજ વડોદરા મહાનગરપાલિકા ધ્વારા વડોદરા શહેરની ઐતીહાસિક ધડીયાળની જાળવણી અંગેનો વાર્ષીક ઈજારા અંગેનો વર્ક ઓર્ડર વિગેરે ઘ્યાનમાં રાખી ઉપરોકત કામે આવેલ અંદાજીત એસ્ટીમેઈટ રૂા.૧,૫૦,૦૦૦– પુરાનું મંજુર કરવા તથા ન્યુ ઈન્ડસ્ટ્રીયલ કલોક કંપની–સુલભ એપાર્ટમેન્ટ,તીથલ રોડ,વલસાડને સદર કામગીરી સોંપવાનું મંજુર કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>કામ નં.–૯.</u>

<u>વિષયઃ–</u> વોર્ડ નં.–૬ માં આવેલ નીચે જણાવ્યા મુજબની ખાનગી સોસાયટીઓનાં એપ્રોચ રોડ ઉપર પેવર બ્લોકના રસ્તાઓ ના. સરકાશ્રીની સ્કીમ હેઠળ ૨૦% લોકફાળો વસુલ કરી, પેવર બ્લોક નાંખવા અંગેના આવેલ કામે જરૂરી નિર્ણય થવા બાબત..

(૧) એપીએમસી માર્કેટ સામે આવેલ નવસર્જન એપાર્ટમેન્ટનાં રસ્તાઓ.

(૨) નાની ખત્રીવાડ વિસ્તારમાં આવેલ ત્રિમૂર્તિ એપાર્ટમેન્ટનાં રસ્તાઓ.

<u>ઠરાવઃ–</u>

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, વોર્ડ નં.–૬ માં આવેલ નીચે જણાવેલ વિસ્તારોની ખાનગી સોસાયટીઓનાં એપ્રોચ રોડ ઉપર પેવર બ્લોક રસ્તો બનાવવા અને તે કામગીરી ના. સરકારશ્રીની સ્કીમ હેઠળ ૨૦% ફાળો જમાં કરાવવાની સંમતી દર્શાવેલ હોઈ, જરૂરી કાર્યવાહી કરી સદર નીચે જણાવેલ સોસાયટીઓ પાસે ના. સરકારશ્રીની સ્કીમ હેઠળ ૨૦% ફાળો જમા કરાવી, પેવર બ્લોક રસ્તો બનાવવાનું મંજુર કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

(૧) એ.પી.એમ.સી. માર્કેટ સામે આવેલ નવસર્જન એપાર્ટમેન્ટનાં રસ્તાઓ.

(૨)નાની ખત્રીવાડ વિસ્તારમાં આવેલ ત્રિમૂર્તિ એપાર્ટમેન્ટનાં રસ્તાઓ.

સ.મ.મંજુર..

<u>કામ નં.–૧૦.</u>

<u>વિષયઃ–</u>

વલસાડ નગરપાલિકા વિસ્તારમાં ચોમાસાની સીઝન ચાલુ હોય, વરસાદી પાણી તથા વપરાશી પાણીના નિકાલની આવેલ ખુલ્લી ગટરોમાંથી પાણીનો નિકાલ કરવા માટે ડીઝલ એન્જીન ખરીદ કરવા અંગેના આવેલ ભાવો મંજુર કરી ખરીદી કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

..૬..



<u>ઠરાવઃ–</u>

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા વિસ્તારમાં તથા અબ્રામા ઝોન તથા મોગરાવાડી વિસ્તારમાં હાલે ચોમાસાની સીઝન ચાલુ હોય વરસાદી પાણી તથા વપરાશી પાણીના નિકાલની આવેલ ખુલ્લી ગટરોમાંથી પાણીનો નિકાલ કરવા માટે ડીઝલ એન્જીન મશીન ખરીદ કરવાની તાતી જરૂરીયાત હોય જે ડીઝલ મશીન ખરીદ કરવા માટે સ્થાનીક બજારમાંથી ભાવો મંગાવતા ત્રણ વેપારીઓના ભાવો આવેલ છે. જેનું તુલનાત્મક પત્રક નીચે મુજબ છે.

| અ.નં. | મટીરીયલ વિગત. | ખરીદ કરવાપાત્ર જથ્થો. | વેપારીઓના નામ | અને સરનામું | |
|---|---|---|---|---|---|
| | | | વલસાડ ડીઝલ સર્વિસ, બેચરરોડ,વલસાડ (૧) | ફિલ્ડમાર્શલ એજન્સી, સ્ટેડીયમરોડ વલસાડ. (૨) | વિજય એજન્સી,કેરીમાર્કેટ વલસાડ. (૩) |
| ૧ | ૫H.P.૨ાા×૨" ડીલે વીથ ટ્રોલી. | સેટ–૧ | ૨૮૪૦૦– | ૨૭૫૦૦– | ૨૮૩૦૦– |
| ૨ | (કાના)ડુંરા ફલેર્સ પાઈપ ૨"ાા મીટર | ૧મીટર | ૨૬૫– | ૨૫૦– | ૨૬૦– |
| ૩ | (કાના)ડુંરા ફલેર્સ પાઈપ ૩"ાા મીટર | ૧ મીટર | ૩૮૨– | ૩૫૦– | ૩૮૦– |
| ૪ | **F.M.6.5H.P** ૩×૩ પંપ વીથ ટોલી શેટ કમ્પલીટ | ૧ નંગ | ૪૯૬૦૦– | ૪૮૭૭૫– | ૪૯૬૫૦– |
| ૫ | **G1** બેન્ડ ૨"ાા (કલેમ્પ સાથે ) | ૧ નંગ | ૬૫૦– | ૫૫૦– | ૬૪૦– |
| ૬ | **G 1** ફુટ વાલ્વ ૨"ાા | ૧ નંગ | ૫૩૦– | ૪૫૦– | ૫૦૦– |
| ૭ | **C1** હોસ કોલર કલેમ્પ સાથે | ૧ નંગ | ૨૬૦– | ૨૨૫– | ૨૫૦– |
| ૮ | ઓઈલ ૩.૫ લીટર | ૧ ટીનના | ૬૧૦– | ૫૯૦– | ૬૦૦– |
| ૯ | વોટર કુલીંગ એરેજમેન્ટ | ૧ નંગ | ૨૮૩– | ૨૫૦– | ૨૮૦– |
| | | | (૧)ઉપરના ભાવ ટેક્ષ વગરના. (૨) ૫% ટેક્ષ અલગથી ચાર્જ કરવામાં આવશે. | (૧)ઉપરના ભાવમાં ટેક્ષ ૪ ૧ ના છે. (૨) પેમેન્ટ–૩૦ દિવસમાં કરવાનું રહેશે. | ઉપર જણાવેલ ભાવ ટેક્ષ વગરના હોય ટેક્ષ ૫% અલગથી ચાર્જ કરવામાં આવશે. |

ઉપરોકત આવેલ ત્રણ ભાવોનું તુલનાત્મક પત્રક જોતાં, એકંદરે ફિલ્ડ માર્શલ એજન્સી,બસ સ્ટેન્ડ, સ્ટેડીયમ રોડ,વલસાડનો ભાવ સૌથી ઓછા આવેલ હોય, જે સૌથી ઓછા ભાવો મંજુર કરી,મંજુર થયેલ ભાવે ફિલ્ડ માર્શલ એજન્સી, સ્ટેડીયમ રોડ,વલસાડ પાસે એફ.એમ.ડીઝલ એન્જીન મશીન તથા જરૂરી સ્પેર પાર્ટસ ખરીદી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

..૭..



કામ નં.–૧૧.

વિષયઃ– વોર્ડ નં.–૨, હનુમાનજી મંદીરની સામે આવેલ સ્વ.ભીખુભાઈ ભંડારીનાં ઘર પાસેની ગલીમાં પેવર બ્લોકનો રસ્તો બનાવવાના કામનું આવેલ એસ્ટીમેઈટ રૂ.૬,૬૮,૨૫૦– પુરા મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવઃ–

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, વ.ન.પા. હદ વિસ્તારનાં વોર્ડ નં.–૨માં હનુમાનજી મંદીરની સામે આવેલ, સ્વ. ભીખુભાઈ ભંડારીના ઘર પાસેની ગલીમાં પેવર બ્લોકનો રસ્તો બનાવવાની જરૂરીયાત હોય, આ કામ ડ્રેનેજની પાઈપલાઈનનું કામ પૂર્ણ થયા બાદ કરવાનું થાય છે. જેથી રસ્તો ફરીથી ખોદવામાં નહી આવે. આમ, ઉપરોકત આવેલ કામનું એસ્ટીમેઈટ રૂ.૬,૬૮,૨૫૦– પુરા મંજુર કરવાનું તથા કામગીરી પૂર્ણ થયા બાદ ઠેકેદારશ્રીનું આવતાં બીલનું ચુકવણું કરવાનું પણ મંજુર કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.–૧૨.

વિષયઃ–

વલસાડ નગરપાલિકા વિસ્તારમાં આવેલ અબ્રામા ઝોનમાં આવેલ સોસાયટીના રસ્તાઓ ભારે વરસાદનાં કારણે ખરાબ થયેલ હોય જેની નુકશાનીની વિડીયોગ્રાફીની કામગીરી સની વીડીયો શુટીંગ,ફર્સ્ટ ગેઈટ,મુ.પો.અતુલ,વલસાડ પાસે કરાવેલ જેનું વીડીયો ગ્રાફી સીડી નંગ–૨(બે) નું આવેલ બીલ રૂ. ૫૦૦૦–પુરા મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવઃ–

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા વિસ્તારમાં આવેલ અબ્રામા ઝોનમાં આવેલ સોસાયટીના રસ્તાઓ ભારે વરસાદનાં કારણે ખરાબ થયેલ હોય જેની નુકશાનીની વિડીયોગ્રાફીની તા.: ૧૯–૬–૨૦૧૩ થી તા.:૨૧–૬–૨૦૧૩ સુધી દિન–૩ (ત્રણ) માટે કરેલ જે વિડીયોગ્રાફની કામગીરી સની વીડીયો શુટીંગ,ફર્સ્ટ ગેઈટ,મુ.પો.અતુલ,વલસાડ પાસે કરાવેલ હોય જેનું વીડીયો ગ્રાફી સીડી નંગ–૨(બે) નું આવેલ બીલ રૂ. ૫૦૦૦–અંકે રૂ.પાંચ હજાર પુરાનું ચુકવણું કરવા અંગેની જરૂરી કાર્યવાહી કરી, ચુકવણું કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.–૧૩.

વિષયઃ– સ્વર્ણિમ જયંતિ–મુખ્ય મંત્રીશ્રી,શ.વિ.યોજના(મોડલ ટાઉન) અંતર્ગત વરસાદી પાણીની નિકાલ માટેની ગીતાંજલી સોસાયટી તથા રવિન્દ્રનગર સોસાયટીની સામેનાં આવેલ ખુલ્લી ગટરોમાં પાઈપલાઈન નાંખવા અંગેની કામગીરી કેરવેલ મોર્ટસ એન્ડ ઈન્ફ્રા.પ્રા.લી.ગુંદલાવ–ને.હા.નં.–૮ વલસાડ પાસે કરાવેલ જેનાં ભાડા અંગેના આવેલ બીલ રૂ.૨૩,૩૭૦–પુરા ચુકવણું કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવઃ–

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, સ્વર્ણિમ જયંતિ – મુખ્ય મંત્રીશ્રી, શહેરી વિકાસ યોજના(મોડલ ટાઉન) અંતર્ગત વરસાદી પાણીની નિકાલ માટેની ગીતાંજલી સોસાયટી તથા રવિન્દ્રનગર સોસાયટીની સામેનાં ભાગે આવેલ

..૮..

ખુલ્લી ગટરમાં પાઈપલાઈન નાંખવા અંગેની કામગીરી કેરવેલ મોર્ટસ એન્ડ ઈન્ફ્રા. પ્રા. લી. ગુંદલાવ – ને. હા. નં. –૮ વલસાડ પાસે કરાવેલ હોય,જેનાં ભાડા અંગેના નીચે જણાવ્યા પ્રમાણેનાં આવેલ કુલ બીલ રૂ.૨૩,૩૭૦– અંકે રૂ. ત્રેવીસ હજાર, ત્રણસો સીત્તેર પુરાનું ચુકવણું કરવાનું મંજુર કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

(૧)બીલ નં.–૧૭૨ / તા.૧૨–૫–૧૩ રૂ.૫૦૫૬–૦૦

(૨)બીલ નં.–૨૦૨ / તા.૧૭–૫–૧૩ રૂ.૫૦૫૬–૦૦

(૩)બીલ નં.–૨૦૫ / તા.૧૭–૫–૧૩ રૂ.૫૦૫૬–૦૦

(૪)બીલ નં.–૨૨૯ / તા.૧૪–૫–૧૩ રૂ.૪૪૯૪–૦૦

(૫)બીલ નં.–૨૩૦ / તા.૨૫–૫–૧૩ રૂ.૩૭૦૮–૦૦

————————————

કુલ રૂ.૨૩,૩૭૦–૦૦

————————————

સ.મ.મંજુર..

<u>કામ નં.–૧૪.</u>

<u>વિષયઃ–</u> સ્વર્ણિમ જયંતિ–મુખ્ય મંત્રીશ્રી,શ.વિ.યોજના(મોડલ ટાઉન) અંતર્ગત વરસાદી પાણીની નિકાલ માટેની ગીતાંજલી સોસાયટી તથા રવિન્દ્રનગર સોસાયટીની સામેનાં આવેલ ખુલ્લી ગટરોમાં પાઈપલાઈન નાંખવા અંગેની કામગીરી કેરવેલ મોર્ટસ એન્ડ ઈન્ફ્રા.પ્રા.લી.ગુંદલાવ–ને.હા.નં.–૮ વલસાડ પાસે કરાવેલ જેનાં ભાડા અંગેના આવેલ બીલ રૂ.૩૩,૭૦૮–પુરા ચુકવણું કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવઃ–</u>

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, સ્વર્ણિમ જયંતિ – મુખ્ય મંત્રીશ્રી, શહેરી વિકાસ યોજના(મોડલ ટાઉન) અંતર્ગત વરસાદી પાણીની નિકાલ માટેની ગીતાંજલી સોસાયટી તથા રવિન્દ્રનગર સોસાયટીની સામેનાં ભાગે આવેલ ખુલ્લી ગટરમાં પાઈપલાઈન નાંખવા અંગેની કામગીરી કેરવેલ મોર્ટસ એન્ડ ઈન્ફ્રા. પ્રા. લી. ગુંદલાવ – ને. હા. નં. – ૮ વલસાડ પાસે કરાવેલ હોય,જેનાં ભાડા અંગેના નીચે જણાવ્યા પ્રમાણેનાં આવેલ કુલ બીલ રૂ.૩૩,૭૦૮– અંકે રૂ. ત્રેત્રીસ હજાર,સાતસો આઠ પુરાનું ચુકવણું કરવાનું મંજુર કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

(૧)બીલ નં.–૧૪૨ / તા.૩–૫–૧૩ રૂ.૬૧૮૦–૦૦

(૨)બીલ નં.–૧૪૧ / તા.૩–૫–૧૩ રૂ.૬૧૮૦–૦૦

(૩)બીલ નં.–૧૪૦ / તા.૩–૫–૧૩ રૂ.૫૦૫૬–૦૦

(૪)બીલ નં.–૧૩૯ / તા.૩–૫–૧૩ રૂ.૫૦૫૬–૦૦

(૫)બીલ નં.–૧૩૮ / તા.૩–૫–૧૩ રૂ.૫૦૫૬–૦૦

(૬)બીલ નં.–૧૪૩ / તા.૩–૫–૧૩ રૂ.૬૧૮૦–૦૦

————————————

કુલ રૂ.૩૩,૭૦૮–૦૦

————————————

સ.મ.મંજુર..

કામ નં.–૧૫.

વિષયઃ– શ્રી મહાત્મા ગાંધી સાર્વ.પુસ્તકાલય માટે બુક રેકસ માટેના આવેલ ભાવો મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવઃ–

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, લાયબ્રેરી માટે જ.બો.ઠ.નં.–૪૧ / તા.: ૩૧–૦૭–૨૦૧૨ થી મંજુર થયા મુજબ, લાયબ્રેરીમાં પુસ્તકો માટે બુકસ રેકસ ખરીદ કરવાની જરૂરીયાત હોય, જે અંગે બુકસ રેકસ ખરીદ કરવા અંગેના સ્થાનીક બજારમાંથી ભાવો મંગાવતા, ત્રણ વેપારીનાં ભાવો આવેલ છે.જેનું તુલનાત્મક નીચે મુજબ છે.

| અ.નં. | વેપારીનું નામ. / સરનામું. | નંગ. | ભાવપત્રક મુજબ કિંમત. |
|---|---|---|---|
| ૧ | વૈભવ ફર્નિચર,<br>સિધ્ધરાજ એપાર્ટમેન્ટ, મ્યુનિ. સ્કુલ પાસે,વલસાડ. | ૧ | ૫૨૦૦–૦૦ |
| ૨ | શ્રી જલારામ ફર્નિચર<br>૧૧,૧૨,સિધ્ધનાથ શોપીંગ સેન્ટર,<br>જયોતિ હોલની નીચે, વલસાડ. | ૧ | ૪૭૫૦–૦૦ |
| ૩ | નવીન ફર્નિચર માર્ટ,<br>જયોતિ હોલ રોડ,સુપ્રિમડેરીની બાજુમાં,વલસાડ. | ૧ | ૫૦૦૦–૦૦ |

ઉપરોકત આવેલ ત્રણ ભાવોનું તુલનાત્મક પત્રક જોતાં, એકંદરે શ્રી જલારામ ફર્નિચર– ૧૧,૧૨,સિધ્ધનાથ શો.સેન્ટર, વલસાડના ભાવ સૌથી ઓછા અને વ્યાજબી હોય,જે મંજુર કરી, મંજુર થયેલ ભાવે શ્રી જલારામ ફર્નિચર–૧૧,૧૨,સિધ્ધનાથ શો. સેન્ટર, વલસાડ પાસેથી બુકસ રેકસ નંગ–૪ ખરીદી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.–૧૬.

વિષયઃ– શ્રી મહાત્મા ગાંધી સાર્વ.પુસ્તકાલય માટે ગુજરાત સરકારના ગ્રંથાલય ખાતાં ગાંધીનગર તરફથી વર્ષ ૨૦૧૨–૧૩ માટે મળેલ રૂા.૧(એક)લાખની ગ્રાન્ટમાંથી રૂા. ૪૦,૦૦૦– ના નવા પુસ્તકો ખરીદવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવઃ–

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે,ના. સરકારશ્રીના ગ્રંથાલય ખાતા,ગાંધીનગર તરફથી વર્ષ ૨૦૧૨–૨૦૧૩ માટે મળેલ અને જમા થયેલ ગ્રાન્ટ રૂા.૧(એક) લાખમાંથી ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૧૩–૨૦૧૪ માટે રૂા.૪૦,૦૦૦/– (ચાલીસ હજાર રૂા. પુરાનો પુસ્તકો ખરીદવાની જરૂરીયાત છે. નવા પુસ્તકોની માંગણીઓ વાચકો ધ્વારા વારંવાર થતી રહે છે. જેથી વર્ષ ૨૦૧૩ નાં તાજેતરમાં લેટેસ્ટ તદ્દન નવા પુસ્તકો ગુજરાત ભરની વિવિધ પ્રતિષ્ઠિત પ્રકાશન સંસ્થાઓ તરફથી પ્રકાશિત થયા હોય તેમાંથી વાચકોને રસપ્રદ અને ઉપયોગી હોય તેવા પુસ્તકો ખરીદવાની જરૂરીયાત હોય તથા ગ્રંથપાલશ્રીના રીપોર્ટમાં જણાવ્યા મુજબના પુસ્તકોની યાદી મુજબનાં પુસ્તકો

ગુજરાત સરકારશ્રી ધ્વારા " ટેન્ડર મુકિત " મેળવેલ સંસ્થા ગુજરાત પુસ્તકાલય સહકારી મંડળ, વડોદરા પાસેથી રૂા.૪૦,૦૦૦/– અંકે રૂા. ચાલીસ હજાર ની મર્યાદામાં પુસ્તકો ખરીદવાનું મંજુર કરવાનું તથા પુસ્તકોની ખરીદી બાદ આવતાં બીલોનું ચુકવણું કરવાનું મંજુર કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

કામ નં.–૧૭.

વિષયઃ– નગરપાલિકા હદ વિસ્તાર બહારનાં સરાઉન્ડીંગ એરીયાના હદબહાર થી આવતાં વાચકોને લાયબ્રેરીમાંથી પુસ્તકો ઘરે વાંચવા માટે સભ્યપદ આપવા બાબતે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.ઃ–

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, શ્રી મહાત્મા ગાંધી લાઈબ્રેરીમાં હદ બહાર વિસ્તારના અસંખ્ય વાચકોએ પુસ્તકો ઘરે વાંચવા માટે આપવા અને લાયબ્રેરીના વાચક સભ્યપદ મેળવવા સમાવેશ કરવા સુચનો મૌખિકમાં કરતાં આવેલ છે. જે માટે હદ બહારના વિસ્તારના વાચકો પાસેથી નીચે મુજબના દરે ડીપોઝીટની રકમ અને પ્રવેશ(એડમીશન) ની રકમ વસુલવાનું મંજુર કરી, હદ બહારથી આવતાં ઈચ્છુક વાંચકોને લાયબ્રેરીમાંથી પુસ્તકો ઘરે વાંચવા માટે સભ્યપદ આપવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

હદ બહારના માટે.

– બુક ડીપોઝીટ...... રૂા.૨૦૦/– (અંકે રૂા. બસો પુરા )

– પ્રવેશ (એડમીશન ).રૂા.૨૦૦/–(અંકે રૂા. બસો પુરા )

―――――

રૂા. ૪૦૦/–(અંકેરૂા.ચારસો પુરા)

સ.મ.મંજુર..

કામ નં.–૧૮

વિષય.ઃ પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોકના બાકી કામ કરાવવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત...

ઠરાવ.ઃ

આ કામ કમીટી સમક્ષ રજુ થતા ઠરાવ્યુ કે, નગરપાલિકાને ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ, ગાંધીનગરના હુકમ ક્રમાંક.ઃમફબ/પેએન્ડયુઝ/૨૦૧૦–૧૧/૯૮૦૬/તા.ઃ૨૮–૩–૨૦૧૧થી નગરપાલિકાના સ્લમ વિસ્તારમા પે એન્ડ યુઝ શૌચાલયો બનાવવા માટે રૂા.ઃ૨૪–લાખની ગ્રાન્ટ નગરપાલિકાને ફાળવવામા આવેલ હતી.નગરપાલિકાની તા.ઃ૧–૩–૨૦૧૨ના રોજ મળેલ કા.ક.ઠ.નં.૨૯૪થી શ્રીગ્લોબલ સેનીટેશન ઓર્ગેનાઈઝેશન – અમદાવાદની એજન્સી પાસે સને ૨૦૧૧–૧૨ના એસ.ઓ.આર.ના ભાવ મુજબ નીચે જણાવેલ વિગતોવાલા કુલ–ચાર –પે એન્ડ યુઝ શૌચાલયો બનાવવાનુ નકકી કરેલ છે અને તે મુજબ નવા પે એન્ડ યુઝ શૌચાલય બનાવવાનુ કામ સદર એજન્સીને સેને.જા.નં.૩૧૯/તા.ઃ૩૧–૩–૨૦૧૨થી આપવામા આવેલ હતું.તેમજ આ કામો બાબતે એજન્સીને તા.ઃ૧૨–૪–૨૦૧૨ના રોજ કરારપણ કરેલ હતો.

અ.નં. વિસ્તાર.

(૧) વલસાડ પારડી, ગુજરાતી સ્કુલ સામે,

(૨) બંદરરોડ, પાણીની ટાંકી સામે,

(૩) શહીદચોક ,નવા હરીજનવાસ પાસે,

(૪) નાનાતાઈવાડ પાછળ, જુના હરીજનવાસ પાસે,

નગરપાલિકાના વર્ક ઓર્ડર મુજબ એજન્સીએ પ્રથમ પે એન્ડ યુઝ ,વલસાડ પારડી,ગુજરાતી સ્કુલ સામે, તૈયાર કરી તે અંગેનુ બીલનુ ચુકવણુ કરવાનુ બીલ તા.:૨૨–૪–૨૦૧૩ના રોજ નગરપાલિકામા રજુ કરી દીધેલ છે.આ એજન્સીને સને ૨૦૦૫ થી ૨૦૦૭મા નામદાર સરકારશ્રીની નિર્મળ ગુજરાત –૨૦૦૭ યોજના અન્વયે નગરપાલિકાના જુદા જુદા વિસ્તારોમા કુલ્લે–પાંચ (૫) પે એન્ડ શૌચાલયો બનાવેલ હતાં.તે કામે નગરપાલિકાએ સદર એજન્સીને રૂા.:૨૨–લાખ જેટલુ એડવાન્સ પેમેન્ટ પણ કરેલ છે.આ પે એન્ડ યુઝ શૌચાલયોની કામગીરી પુર્ણ થયા બાદ એજન્સીએ તેમનુ ફાયનલ બીલ રજુ કરી દીધેલ છે.અને ત્યાર બાદ અનુક્રમે તા.:૧–૪–૨૦૧૦, તા.:૨૭–૪–૨૦૧૦, તા.:૧૬–૬–૨૦૧૦, તા.:૮–૯–૨૦૧૦ તથાતા.:૨૫–૧૧ –૨૦૧૦ના રોજ રીમાઈન્ડર પત્રો લખી તેમના કામોનો ફાયનલ ચુકવણુ કરવા જણાવેલ છે.પરંતુ નગરપાલિકા ઘ્વારા આજસુધી તેમના નીકળતા નાણાં ચુકવેલ નથી.

એજન્સીએ નવી સ્લમ સ્કીમમા વલસાડ પારડી ખાતે જે પે એન્ડ યુઝ શૌચાલયો બનાવે છે તેનુ બીલ તૈયાર કરી તા.:૧૮–૫–૨૦૧૩ના રોજ ઓડીટમા મોકલતા ઓડીટરશ્રીએ સદર એજન્સીએ સને ૨૦૦૫ થી ૨૦૦૭ના વર્ષ દરમ્યાન નિર્મળ ગુજરાત –૨૦૦૭ યોજના અંતગર્ત જે પે એન્ડ યુઝ શૌચાલયો બનાવેલ તે પૈકી સદર એજન્સીને જે એડવાન્સ રકમ ચેકવાયેલ છે તેનુ જમા ખર્ચી બીલ પ્રથમ બનાવવા જણાવેલ છે.અને હાલનુ બીલ અટકાવેલ છે.એજન્સીને તેના કામોનુ ચુકવણુ ન કરાતા એજન્સીએ બાકી પે એન્ડ યુઝ શૈચાલય બનાવવાનુ કામ કરવાની ના પાડેલ છે.પે એન્ડ યુઝ શૌચાલયના કામે સમય મર્યાદામા કરી તેના કંપલીશન સર્ટીફીકેટ ગુજરાત મ્યુનિ.ફા.બોર્ડને મોકલવાના થાય છે.તે જોતા આ કામો વહેલા પુરા કરવા જરૂરી બનેલ છે.એજન્સીએ બાકી પે એન્ડ યુઝ શૈચાલય બનાવવાની ના પાડતા બીલનુ ચુકવણુ ન થતા બીજી એજન્સી ધી ગુજરાત સેનીટેશન ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન – અમદાવાદ, સને ૨૦૧૧–૧૨ના એસ.ઓ.આર.ભાવે કરવાની તૈયારી દર્શાવેલ છે.તો તેમની પાસે બાકી રહેલા (૧)બંદરરોડ, પાણીની ટાંકી સામે,(૨)શહીદચોક ,નવા હરીજનવાસ પાસે,(૩)નાનાતાઈવાડ પાછળ, જુના હરીજનવાસ પાસે,પે એન્ડ યુઝ શૈચાલયો બનાવવાનુ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર...

<u>કામ નં.–૧૯</u>

<u>વિષય.:</u> સને ૨૦૧૩–૧૪ના વર્ષ માટે વલસાડ નગરપાલિકાના જુદી જુદી શાખાઓની રસીદબુકો, ફોર્મસ, રજીસ્ટરો વિગેરે છાપકામ તથા સ્ટેશનરી ખરીદી કરવા અંગેના આવેલ ભાવો મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત...

<u>ઠરાવ.:</u>

સને ૨૦૧૩–૧૪ના વર્ષ માટે વલસાડ નગરપાલિકાના જુદી જુદી શાખાઓ માટે રસીદબુકો, ફોર્મસ, રજીસ્ટરો વિગેરે પ્રેસના કાગળો ઉપર છાપકામ રૂલીંગ,નંબરીંગ,બાઈન્ડીંગ વિગેરે નમુના મુજબ તેમજ ઝેરોક્ષ નકલ કાઢવા બાબતે તેમજ સ્ટેશનરીની ખરીદી કરવા બાબતના કામે ટેન્ડર કોપીમા જણાવેલ શરતોને આધીન વાર્ષીક કોન્ટ્રાકટથી આપવા બાબતે દૈનિક પેપરમા ટેન્ડર નોટીશ,માહીતી નિયામકશ્રી,વલસાડ કચેરી મારફતે પ્રસિઘ્ધી કરાવી તા.:૨૦–૬–૨૦૧૩ સુધીમા રજી.પો.એ.ડી.થી ટેન્ડરો મંગાવવામા આવતા ,મુદત દરમ્યાન છાપકામના –૩(ત્રણ) અને સ્ટેશનરીના –૨(બે) એમ કુલ–૫(પાંચ) એજન્સીઓના ટેન્ડરો અત્રેની કચેરીએ મળેલ છે જે નીચે પ્રમાણે છે..

છાપકામના ટેન્ડરો.

..................

અ.નં.　　એજન્સીનું નામ. / સરનામું.

(૧)　શિવમ પ્રિન્ટર્સ – ખડકીભાગડા ,વલસાડ.

(૨)　જય જલારામ પ્રિન્ટર્સ – હાલર, વલસાડ.

(૩)　હેપી ઝેરોક્ષ – ડી.એન.શો.સે.વલસાડ.

સ્ટેશનરીના ટેન્ડરો.

..................

(૧)　જય જલારામ પ્રિન્ટર્સ – હાલર, વલસાડ.

(૨)　બીના સ્ટેશનરી માર્ટ – નવસારી.

ઉપરોકત આવેલ પાંચ ટેન્ડરો તા.:૨૪–૬–૧૩ના રોજ ચીફ ઓફીસરશ્રી તેમજ ચેરમેનશ્રી કારોબારી સમીતી તેમજ પ્રમુખશ્રી સમક્ષ ખુલ્લા કરવામા આવેલ છે જેનુ તુલનાત્મક પત્રક બનાવી રજુ કરેલ છે.

ઉપરોકત આવેલ પાંચ ટેન્ડરોનુ તેલનાત્મક પત્રક જોતા સદર તુલનાત્મક પત્રકમા લાલ કલરથી અંદર લાઈન કરેલ ભાવો સૌથી ઓછા છે.સદર ઓછા ભાવો મંજુર કરવાનુ તથા મંજુર થયેલ ભાવે છાપકામ વિગેરેનુ કામ તથા સ્ટેશનરી વિગેરેની ખરીદી કરવાના કામનો કોન્ટ્રાકટ તેમને આપવાનુ તથા ટેન્ડરોમા જણાવેલ આઈટમ મુજબના ભાવો માન્ય કરવાનુ તથા ટેન્ડરો સાથે જરૂરી કરારખત ચીફ ઓફીસરશ્રીના રૂબરૂ કરાવી લેવાનુ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર..

<u>કામ નં.–૨૦</u>

<u>વિષય.:</u>

વલસાડ નગરપાલિકા તરફથી ના.સરકારશ્રીનાં '' ઈમ્પેકટ ફી '' ૨૦૧૨ તથા અધિનિયમ મુજબ ફીની વસુલાત કરવામાં આવે છે. આ અંગે અંદાજીત રૂા.૨૫,૦૦,૦૦૦/–જેટલી રકમ નગરપાલિકાને મળી શકે એમ છે.સરકારશ્રીનાં નિયમોની શરત અનુસાર '' નવા પે એન્ડ પાર્ક '' ઉભા કરવા વિગેરે કામ કરવાનાં હોય જે અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટી સમક્ષ રજુ થતા ઠરાવ્યુ કે, વલસાડ નગરપાલિકા તરફથી નામદાર સરકારશ્રીના ''ઈમ્પેકટ ફી –૨૦૧૧ તથા ૨૦૧૨'' અધિનિયમ મુજબ ફીની વસુલાત કરવામા આવે છે.આ અંગે અંદાજીત રૂા.:૨૫,૦૦,૦૦૦–જેટલી રકમ નગરપાલિકાને મળી શકે એમ છે.જે ધ્યાને લઈ સરકારશ્રીના નિયમોની શરત અનુસાર '' નવા પે એન્ડ પાર્ક '' ઉભા કરવા વિગેરે કામ કરવાની જરૂરીયાત હોય .ઉપરોકત આવેલ કામ મંજુર કરવા સમગ્રસભાને ભલામણ કરવાનુ ઠરાવવામા આવે છે.

– સ.મ.મંજુર..

<u>કામ નં.–૨૧</u>

<u>વિષય.:</u> ન્યુ સુપર મારકેટની કેબીનો આવેલ છે.સદરહુ ટી.પી.યોજના મુજબ ૧૦૦૦.૦૦ચો.મી.વાણિજય હેતુ માટે અનામત રાખવામા આવેલ છે.સદરહુ જગ્યાએ કોર્મશીયલ બીલ્ડીંગ બનાવવાનુ આયોજન કરી શોપીંગ કોમ્પલેક્ષ બનાવવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત...

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટી સમક્ષ રજુ થતા ઠરાવ્યુ કે, જનક સ્વીટની બાજુમા સુપર મારકેટની કેબીનો આવેલ છે.સદરહુ પ્લોટ ટી.પી.યોજના મુજબ ૧૦૦૦.૦૦ચો.મી. વાણીજય હેતુ માટે અનામત રાખવામા આવે છે.સદરહું જગ્યાએ કોર્મશીયલ બીલ્ડીંગ બનાવવાનુ આયોજન કરવુ જરૂરી છે.સ્ટેડીયમ રોડનુ ૨૦.૦૦મીટરની પહોળાઈ જાળવી યોગ્ય આયોજન કરવા અંગેની જરૂરી કાર્યવાહી કરી ,સદર જગ્યાએ " શોપીંગ કોમ્પલેક્ષ" બનાવવાનુ મંજુર કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર..

<u>કામ નં.–૨૨</u>

<u>વિષય.:</u> નગરપાલિકા કચેરી સામે આવેલ કોર્મશીયલ પ્લોટ ઉપર વાણિજય હેતુવાળો શોપીંગ કોમ્પલેક્ષ બનાવવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટી સમક્ષ રજુ થતા ઠરાવ્યુ કે, વલસાડ નગરપાલિકા કચેરી સામે ૧૦૦૦.૦૦સ્કે.મીટરનો કોર્મશીયલ પ્લોટ આવેલ છે.સદરહુ પ્લોટ ઉપર વાણીજય હેતુવાળો " શોપીંગ કોમ્પલેક્ષ" બનાવવા માટે આર્કીટેક શ્રીભાર્ગવ દેસાઈ – રામજી ટેકરા –વલસાડ પાસેથી ડીઝાઈન – ડ્રોઈંગ પણ મેળવેલ છે.જે વિગતો ધ્યાને લેતા સદર જગ્યાએ શોપીંગ કોમ્પલેક્ષનુ આયોજન હાથ ધરવા અંગેની જરૂરી કાર્યવાહી કરી, ઉપરોકત આવેલ વલસાડ નગરપાલિકા કચેરીની સામેના ૧૦૦૦.૦૦સ્કે.મીટરના કોર્મશીયલ પ્લોટવાળી જગ્યાએ શોપીંગ કોમ્પલેક્ષ બનાવવાનુ મંજુર કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર..

<u>કામ નં.–૨૩</u>

<u>વિષય.:</u> આર.પી.એફ.ગ્રાઉન્ડ થઈને વાકી નદી સુધી આર.સી.સી.પાઈપલાઈન ૧૪૦૦ડાયાની નાંખવા માટે ટેન્ડર મંગાવવામા આવતા કુલ–બે–એજન્સીના ટેન્ડર આવેલ છે.જે અંગે જરૂરી નેગોશીએશન કરી એલ–૧ને રૂબરૂ બોલાવી કમીટીમા જરૂરી નિર્ણય થવા બાબત...

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટી સમક્ષ રજુ થતા ઠરાવ્યુ કે,ધરમુપરરોડ વિસ્તારમા આવેલ મહાદેવનગર વિગેરે જેવી અન્ય સોસાયટીઓમા વારંવાર વરસાદી પાણી ભરાઈ જઈ ભારે નુકશાન પહોચતુ હોઈ, સદર કામે મે.કલેકટર સાહેબશ્રી,વલસાડ તરફથી મળેલ સુચનાઓ અન્વયે આર.પી.એફ.ગ્રાઉન્ડ થઈને વાંકી નદી સુધી આર.સી.સી.પાઈપલાઈન ૧૪૦૦ડાયાની નાંખવા અંગેના કામે દૈનિક પત્રોમા ટુકી મુદતની ટેન્ડર નોટીશ મે.નાયબ માહીતી નિયામકશ્રી,વલસાડ કચેરી મારફતે પ્રસિઘ્ધી કરાવી તા.:૬–૭–૧૩ના રોજ સુધીમા ટેન્ડરો મંગાવવામા આવતા નિયત કરેલ સમય મર્યાદામા ફકત બે ટેન્ડરો આવેલ જેને તા.:૧૫–૭ –૧૩ના રોજ ખુલ્લા કરવામા આવતા તેનુ તુલનાત્મક પત્રક નીચે મુજબ છે.

| અ.નં. | ટેન્ડરનુ નામ / સરનામુ. | એસ્ટીમેઈટ રકમ | ટેન્ડર રકમ | |
|---|---|---|---|---|
| ૧ | કેપીટલ કન્સ્ટ્રકશન<br>૩૦,રાજપથ સોસાયટી,ગાંધીનગર. | ૧,૧૬,૪૩,૫૦૦– | ૧,૫૨,૦૪,૨૮૩–૫૦ | ૩૪.૫૦%વધુ |
| ૨ | મેસર્સ સવજીભાઈ લાખાભાઈ સોલંકી<br>અમદાવાદ. | ૧,૧૬,૪૩,૫૦૦– | ૧,૪૧,૫૮,૬૩૫–૭૫ | ૨૫.૨૫%વધુ |

ઉપરોક્ત આવેલ બે ટેન્ડરોનુ તુલનાત્મક પત્રક જોતા સૌથી લોએસ્ટ ટેન્ડરર એલ–૧, શ્રીમેસર્સ સવજીભાઈ લાખાભાઈ સોલંકી,–અમદાવાદનુ ટેન્ડર રૂા.:૧,૪૧,૫૮,૬૩૫–૭૫ પૈ.પુરાનુ ૨૫.૨૫% વધુ જે સૌથી લોએસ્ટ હોય,જે એલ–૧, ટેન્ડરરને નેગોશીએશન કરવા જરૂરી સત્તા ચેરમેનશ્રી કારોબારી સમીતી તથા પ્રમુખશ્રી વલસાડ નગરપાલિકાને આપવાનુ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર..

<u>કામ નં.–૨૪</u>

<u>વિષય.:</u> સ્વ.મોરારજી દેસાઈ મ્યુઝીયમ બનાવવા માટે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ સીવીલ વર્કનુ કામ મંજુર થયેલ છે.પરંતુ ઈન્ટીરીયર તથા ૩–ડી હોલોગ્રાફી વિગેરેની કામગીરી કરવા માટેનુ રૂા.:૧,૫૦,૦૦,૦૦૦ વત્તા ટેક્ષ જેટલુ એસ્ટીમેઈટ મંજુર કરવા બાબત...

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટી સમક્ષ રજુ થતા ઠરાવ્યુ કે,સ્વ.મોરારજી દેસાઈ મ્યુઝીયમ બનાવવા માટે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ સીવીલ વર્કનુ કામ મંજુર થયેલ છે.પરંતુ ઈન્ટીરીયર તથા ૩–ડી હોલોગ્રાફી વિગેરેની કામગીરી કરાવવાની જરૂરીયાત હોય જે અંગેના કામનુ આવેલ રૂા.:૧,૫૦,૦૦,૦૦૦ વત્તા ટેક્ષ જેટલુ એસ્ટીમેઈટ મંજુર કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર..

<u>કામ નં.–૨૫.</u>

<u>વિષયઃ–</u> ના.સરકારશ્રી ધ્વારા જાહેર કરેલ અનઅધિકૃત વિકાસનું નિયમીત કરવા અંગેના અધિનિયમ–૨૦૧૧ અને નિયમો–૨૦૧૨ અન્વયે બેનર બનાવવાની જરૂરીયાત હોય જે બેનરો અંગેની કામગીરી, બીગ– બી ગ્રાફીકસ,ખડકીભાગડા, વલસાડ પાસે કરાવેલ હોય જેનું આવેલ બીલ રૂા.૭૦૬૦– પુરા મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે,વલસાડ નગરપાલિકા વિસ્તારમાં ના.સરકારશ્રી ધ્વારા જાહેર કરેલ અનઅધિકૃત વિકાસનું નિયમીત કરવા અંગેના અધિનિયમ–૨૦૧૧ અને નિયમો–૨૦૧૨ અન્વયે બેનર બનાવવાની જરૂરીયાત હોય ,જે બેનરો અંગેની કામગીરી, બીગ– બી ગ્રાફીકસ,ખડકીભાગડા, વલસાડ પાસે કરાવેલ હોય જેનું આવેલ બીલ રૂા.૭૦૬૦– અંકે રૂા.સાત હજાર, સાંઠ પુરાનું ચુકવણું કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>કામ નં.–૨૬.</u>

<u>વિષયઃ–</u> વારીગૃહ શાખાના કામદારો માટે મહેકમની જગ્યા મંગાવવા અંગે દરખાસ્ત કરવા બાબત...

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, વારીગૃહ શાખાના રોજીંદા મજુરો (કામદારો) (૧) શ્રી કિરણભાઈ છીબુભાઈ (૨) શ્રી સુરેશભાઈ ખાલપભાઈ રાઠોડ (૩) શ્રી ઈલેશ માણકાભાઈ પટેલ (૪) શ્રી અશ્વિન લલ્લુભાઈ પટેલ (૫) શ્રી ગોવિંદભાઈ નરસિંહભાઈ (૬) શ્રી પ્રવિણભાઈ કરશનભાઈ તથા (૭) શ્રી દિપકભાઈ છગનભાઈ પટેલ રહેવાસી.: વલસાડનાઓ વારીગૃહ શાખામાં હંગામી કામદાર તરીકે ફરજ બજાવતાં હતાં જેઓએ મે.વલસાડના મજુર અદાલતના પ્રિસાઈડીંગ ઓફીસર શ્રી એચ.બી. રાજગોર સાહેબ સમક્ષ આંક–૧૯, રેફ.૨/૯૭,૩/૯૭,૪/૯૭, ૫/૯૭, ૬/૯૭ તથા ૮/૯૭ થી ઔધોગીક વિવાદ ધારા કલમ–૩૩(એ) મુજબ ફરીયાદ દાખલ કરેલ છે. તા.:૧–૧–૨૦૦૪ ના રોજ ફરીયાદીની ફરીયાદ અરજી અંશતઃ ગ્રાહય રાખવામાં આવેલ છે. સદરહું બાબતે હંગામી કામદારોએમે.વલસાડના મજુર અદાલતના પ્રિસાઈડીંગ ઓફીસર શ્રી એચ.બી. રાજગોર સાહેબ સમક્ષ રીકવરી અરજી નં.૭૭૮ / ૦૪ થી ૭૮૪ /૦૪ દાખલ કરેલ હતી. આંક–૧૦ તા.:૨૭–૧–૨૦૦૬ ના રોજ હુકમ કરવામાં આવેલ હતો. આ દાવામાં એકતરફી જજમેન્ટ કામદારોના હીતમાં આવેલ હોય, તા.:૩૧–૧–૨૦૦૬ ની નોટીશ તથા તા.:૫–૩–૦૭ ના અનુસંધાને આ કેસ ના.ગુજરાત હાઈકોર્ટ અમદાવાદ ખાતે એસ.સી.એ.નં.૨૩૮૩૪ / ૨૦૦૭ થી અપીલ દાખલ કરેલ હતી. અને તેની કામગીરી વલસાડ નગરપાલિકાના પેનલના એડવોકેટ શ્રી એચ.એલ.પટેલ, અમદાવાદને સોંપવામા આવેલ હતાં.

સદરહું બાબતે ના. ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદના તા.:૫–૯–૦૮ તથા તા.:૧૮–૯–૦૮ ના રોજ ઓરલ ઓર્ડર કરવામાં આવેલ છે કે તા.:૧ લી જાન્યુઆરી ૨૦૦૮ થી કાયમી કરવા તથા તમામ લાભો આપવા જણાવેલ છે. આ હુકમ મુજબ વ.જા.નં. ૮૭૪/તા.:૨૯–૧૨–૨૦૦૯ ના રોજ મે.નગરપાલિકા નિયામકશ્રી, ગાંધીનગરની મંજુરત માંગતી દરખાસ્ત કરવા માટે કા.સ.ઠ.નં. ૩૩૬ / તા.:૧૮–૭–૨૦૦૯ તથા જ.બો.ઠ.નં.૬૨ / તા.:૩૦–૭–૨૦૦૯ થી વ.જા. નં.૮૭૪ / તા.:૨૯–૧૨–૨૦૦૯ થી મે. નગરપાલિકા નિયામકશ્રી સાહેબની મંજુરત માંગતી દરખાસ્ત કરવામાં આવેલ હતી.

વારીગૃહ શાખાના રોજમદાર કર્મચારીઓની દરખાસ્ત અન્વયે નિયામકશ્રી નગરપાલિકાએ અગાઉ તા.: ૧૬–૧૧–૦૯ ના હુકમથી નગરપાલિકાના મહેકમ ખર્ચની ટકાવારી ધ્યાનમાં લઈ એક જગ્યા સીધી ભરતીથી ભરવા મંજુરી આપેલ હતી. તા.: ૧૪–૫–૧૩ ના મે.નાયબ નિયામકશ્રી, નગરપાલિકાઓ ,ગાંધીનગરના પત્ર અન્વયે એક મજુર કામદારને સીધી ભરતી ભરવા મંજુરી આપેલ છે. સદરહું બાબતે હંગામી કામદારોએ ના.ગુજરાત હાઈકોર્ટ અમદાવાદ ખાતે સ્પે.સીવીલ એપ્લી.નં.૭૭૨૭ / ૨૦૧૩ થી પીટીશન દાખલ કરેલ છે. જેનો આખરી નિકાલ પેન્ડીંગ હોય, તથા વારંવાર લીટીગેશનો થયા કરતાં હોય જેથી ઉપરોકત આવેલ કામે મે. કલેકટર સાહેબશ્રીની ભલામણ સહીતની જરૂરી દરખાસ્ત ના. સરકારશ્રીમાં સાદર કરવાનું મંજુર કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>કામ નં.–૨૭</u>

<u>વિષય.:</u>વલસાડ નગરપાલિકા હદ વિસ્તાર હીરામોતીથી અનીલ ભોંઈના ઘર થઈને જલારામ સ્મૃતી સુધી વરસાદી પાણીની લાઈન નાંખવાનું જરૂરી એસ્ટીમેઈટ બનાવી મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:

આ કામ કમીટી સમક્ષ રજુ થતા ઠરાવ્યુ કે, વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમા આવેલ હીરામોતીથી અનીલ ભોંઈના ઘર થઈને જલારામ સ્મૃતી સુધી વરસાદી પાણીની લાઈન નાંખવાની જરૂરીયાત હોય જે અંગેના કામનુ જરૂરી એસ્ટીમેઈટ બનાવી કામગીરી કરાવવાનુ મંજુર કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર..

કામ નં.–૨૮

વિષય.: વલસાડ નગરપાલિકા હદ વિસ્તાર હીરામોતીથી ડ્રીમલેન્ડ તથા યશકમલથી અમરધામ થઈ ચાંદની એપાર્ટમેન્ટ થઈ ગર્વમેન્ટ સુધી વરસાદી પાણીની લાઈન નાંખવાનુ એસ્ટીમેઈટ બનાવી મંજુર કરવા અંગે
જરૂરી નિર્ણય થવા બાબત...

ઠરાવ.:

આ કામ કમીટી સમક્ષ રજુ થતા ઠરાવ્યુ કે, વોર્ડ નં.૧૧ના તીથલરોડ અમરધામ એપાર્ટમેન્ટ પાસે તા.:૧૨–૭–૨૦૧૩ના રોજ ભારે વરસાદના લીધે તીથલરોડ વિસ્તારમા પાણીનો ભરાવો થયેલ હતો.જેથી સદરહુ વિસ્તારમા આર.સી.સી.પાઈપનો બે–રો પાઈપલાઈન નાખવામા આવે તો વરસાદી પાણીનો સરળતાથી નિકાલ થઈ શકે એમ છે જે ધ્યાને લઈ ઉપરોકત કામનુ જરૂરી એસ્ટીમેઈટ બનાવી કામગીરી કરાવવાનુ મંજુર કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર..

મે. ચેરમેનશ્રીની અનુમતીથી રજુ થતાં વધારાનાં કામો...

---

વ.કા.નં.૧

વિષય.: અબ્રામા ઝોન વિસ્તારમા ભારે વરસાદના પાણી ભરાવાથી થયેલ કાદવ કીચડ ઉલેચી મેટલીંગ કરવાના કામે ઉપયોગમા લેવામા આવેલ ભાડુતી ટ્રેકટર, જેસીબી મશીન, તથા રોડરોલરના ભાડાના દર નકકી કરવા તથા તે પ્રમાણેના બીલોનુ ચુકવણુ કરવા સબંધે નિર્ણય થવા બાબત...

ઠરાવ.:

આ કામે ઈજનેરશ્રી તથા ચીફ ઓફીસરશ્રીનો રીપોર્ટ વંચાણે લેવામા આવ્યો.સદર રીપોર્ટ અન્વયે નગરપાલિકાના અબ્રામા ઝોન વિસ્તારમા ડ્રેનેજ પાઈપ લાઈન નાંખવાના કામે કોન્ટ્રાક જીયુડીએમ સાથે કરવામા આવતા સદર કામગીરી જીયુડીએમ –ગાંધીનગર ધ્વારા ખાનગી કોન્ટ્રાકટરને કામગીરી સોપી કામગીરી કરાવવામા આવતા સદર કંપની ધ્વારા ડ્રેનેજ લાઈન પાઈપ લાઈન નાંખી જે પ્રકારે માટી ફિલીંગ કરવું.પાણી મુકવુ,જેવી પ્રક્રિયા કરી પાઈપ લાઈનની માટી પુરાણ કરી ચેનલ પુરાણ કરવાની કામગીરીમા કચાસ રાખવામા આવતા પ્રથમ વરસાદેજ માટીનુ ધોવાણ થતા મોટા મોટા ખાડાઓ ઠેક ઠેકાણે પડી જઈ ખાઈ જેવી પરિસ્થિતિનુ નિર્માણ થવા પામતા તેની અસર જનજીવન ઉપ રથતા ભારે મુશ્કેલીઓનુ સર્જન થવા પામેલ અને તે અંગેનો લોકો ધ્વારા સીધેસીધી ફરીયાદો નગરપાલિકા તથા મે.કલેકટર સાહેબને કરવામા આવતા સ્થળની પ્રત્યક્ષ મુલાકાતો લેતા ખોરવાયેલા જનજીવનને પુનઃચાલુ કરવાના કામે માટીનો પડેલ કાદવ કીચડ ખસેડી માટીની જગ્યાએ મેટલ રબલ જેવી બાંધકામ સાઈટનો મટીરીયલસ ધ્વારા પુરાણ રીફીલીંગ કરાવવુ ખુબજ જરૂરી અને આવશ્યક જણાતા તેની કામગીરીઓ કરાવવા નગરપાલિકા પાસે પુરતા પ્રમાણમા ટ્રેકટરો,રોડરોલર,જેસીબી જેવા અગત્યના સાધનો નહી હોતા સ્થાનીક

બજારમાથી તાત્કાલીક અસરથી ભાડેથી લાવવા ખુબજ જરૂરી આવશ્યક જણાતા અને તે અંગેના કામે મે.કલેકટર સાહેબશ્રી,વલસાડ ધ્વારા ખાસ ટુકડીઓની પણ રચના કરી કામગીરી સોપી ભાડાના વાહનો રોકવાની સુચના મળતા કામગીરીને ધ્યાને લેતા જણાવ્યા પ્રમાણેના ભાડાના વાહનો રોકવામા આવેલ જેના નીચે મુજબના દરે ભાડાનો દર નકકી કરી તે પ્રમાણેનુ ચુકવણુ કરવાનુ ઠરાવવામા આવે છે.

(૧)ભાડુતી ટ્રેકટર.

ડીઝલ ડ્રાયવર સાથે ટ્રેકટર ભાડાનો દર પ્રતિદિન–એક નો દર રૂા.:૨૦૦૦–અંકે રૂપિયા બે હજાર.

(૨)ભાડુતી જેસીબી મશીન.

ડીઝલ ડ્રાયવર તથા જેસીબી મશીન સાથે પ્રતિ એક કલાકનો ભાડાનો દર રૂા.:૬૫૦–અંકે રૂપિયા છસો પચાસ.

(૩)રોડ રોલર.

ડીઝલ ઓઈલ ઓપરેટર સાથે કંપલીટ રોડ રોલર પ્રતિદિન–એક નો ભાડાનો દર રૂા.:૧૧,૦૦૦–અંકે રૂપિયા અગ્યાર હજાર.

(૪)ગ્રેડર–લેવલીગ –મશીન.

ડીઝલ ડ્રાયવર ઓઈલ સાથેનો કંપલીટ પ્રતિદિન–એક નો ભાડાનો દર રૂા.:૧૦,૦૦૦–અંકે રૂપિયા દશ હજાર.

(૫)પાણી ઉલેચવાનો મઝગાર્ડ પંપ (૪")

ઈલેકટ્રીક ખર્ચ અલગથી ( સંસ્થાએ ખર્ચ ભોગવવો વ્યવસ્થા કરવી ) પ્રતિ દિન–એકનો ભાડાનો દર રૂા.:૨૦૦૦–અંકે રૂપિયા બે હજાર પુરા લેખે.

–સ.મ.મંજુર..

<u>વ.કા.નં.૨</u>

<u>વિષય.:</u> ફા.એન્ડ લા.ક.ઠ.નં.૭૧/તા.:૨૭–૬–૧૩ની ભલામણ મુજબ વોર્ડ નં.૭મા સ્ટર્લીંગ એપાર્ટમેન્ટની પાછળ વિગેરે વિસ્તારમા સ્ટ્રીટ લાઈટની સુવિધા આપવાની જરૂરીયાત હોય નવા પોલ નંગ–૬ નાંખવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત...

<u>ઠરાવ.:</u>

ફા.એન્ડ લા.ક.ઠ.નં.૭૧/તા.:૨૭–૬–૧૩ની ભલામણ મુજબ વોર્ડ નં.૭મા મોગરાવાડી વિસ્તારમા આવેલ સ્ટર્લીંગ એપાર્ટમેન્ટની પાછળ વિગેરે સ્થળો પર સ્ટ્રીટ લાઈટની સુવિધા આપવા માટે પોલ ઉભા કરી તેના પર સ્ટ્રીટ લાઈટની સુવિધા આપવાની જરૂરીયાત હોવાથી નીચે જણાવેલ સ્થળોએ નવા પોલ ઉભા કરી સ્ટ્રીટ લાઈટ ની સુવિધા આપવાનુ મંજુર કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનુ ઠરાવવામા આવે છે.

(૧)સ્ટર્લીંગ એપાર્ટમેન્ટ પાછળ –એક પોલ

(૨)સુકી તલાવડી રામુભાઈની હોટલ પાછળ –બે પોલ

(૩)શ્વેતાપાર્ક ગુલામભાઈના ઘર પાસે –એક પોલ

(૪)શ્વેતાપાર્ક છગનભાઈના ઘર પાસે –એક પોલ

(૫)હનુમાન ફળીયા વનીતાબેનના ઘર પાસે –એક પોલ

(૬)છતરીયા હેમંતભાઈના ઘર પાસે –બે પોલ

–સ.મ.મંજુર..

<u>વ.કા.નં.૩</u>

<u>વિષય.:</u> વોર્ડ નં.૬મા આવેલ શાકભાજી મારકેટની બીલ્ડીંગ જર્જરીત થઈ ગયેલ હોય,સદરહુ બીલ્ડીંગમા ૧૨૦ આવાસ પણ આવેલ છે.જે પણ ખુબજ જર્જરીત હાલતમા હોઈ બિલ્ડીંગને રીપેરીંગ / રીનોવેશન અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:

આ કામ કમીટી સમક્ષ રજુ થતા ઠરાવ્યુ કે, વોર્ડ નં.૬મા આવેલ શાકભાજી મારકેટની બીલ્ડીંગ જર્જરીત થઈ ગયેલ હોય,સદરહુ બીલ્ડીંગમા ૧૨૦ આવાસ પણ આવેલ છે.જે પણ ખુબજ જર્જરીત હાલતમા હોઈ,વારંવાર શાકભાજી મારકેટમા સ્લેબના ટુકડાઓ પણ ખરી પડે છે.અને ૧૨૦ આવાસની પેરાપેટ પણ જર્જરીત હોવાથી કેટલીયેવાર તુટી પણ પડેલ છે.સદરહુ બિલ્ડીંગને જો રીપેરીંગ / રીનોવેશન કરવામા આવે તો શહેરીજનોને
સારામા સારી મારકેટની સુવિધા મળે એ માટેનુ આયોજન કરવાની જરૂરીયાત છે જે ધ્યાને લઈ સદરહુ બિલ્ડીંગને રીપેરીંગ / રીનોવેશન કરાવવાનુ મંજુર કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનુ ઠરાવવામા આવે છે.

—સ.મ.મંજુર..

વ.કા. નં.—૪.

વિષયઃ— મોગરાવાડીમાં આવેલ મોટા તળાવ ડેવલપમેન્ટ કામ કરવા બાબતે જરૂરી નિર્ણય થવા બાબત...

ઠરાવઃ—

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, સરકારશ્રીની મોટા તળાવો ઉંડા કરી, બ્યુટીફીકેશનની કામગીરી કરવા માટે ગુજ.મ્યુનિ.ફાઈ.બોર્ડ, ગાંધીનગરના પત્ર ક્રમાંક : મફબ / યુ.પ / જળસંચય / પ્રગતિ અહેવાલ /૨૦૧૩ / ૪૩૪૮ / તા.:૨૦—૩—૨૦૧૩ ના પત્ર થી અ—વર્ગની ન.પા.ને ૫૦ લાખ અને બ્યુટીફીકેશનની કામગીરી માટે રૂા.૧(એક) કરોડની ગ્રાન્ટ મંજુર કરવામાં આવેલ છે. જે સંદર્ભે મોગરાવાડી વિસ્તારમાં આવેલ મોટા તળાવને ઉંડુ કરી, બ્યુટીફીકેશન કરવામાટે ન.પા.ના કન્સ્લટન્ટ શ્રી ક્રિષ્ના કન્સ્લટનટ પાસે સર્વે વર્ક કરી નકશા તથા અંદાજ પત્રકો બનાવવા તથા ઉપરોકત તળાવને ઉંડા કરી, બ્યુટીફીકેશનની કામગીરી કરાવવા અંગેની જરૂરી સત્તા ચેરમેનશ્રી,કારોબારી સમીતી તથા ચેરમેનશ્રી, મંત્રણા સમીતી (ગાર્ડન તથા ડેવલપમેન્ટ તળાવ સમીતીને) આપવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

વ.કા.નં.૫

વિષય.: શહેરમા જુદા જુદા વિસ્તારોમા ખાનગી સોસાયટીઓમા માળખાકીય સુવિધા જેવી કે પેવર બ્લોકના રસ્તા / પાણીની લાઈન / સ્ટ્રીટ લાઈટ વિગેરે માટે ૭૦ : ૧૦ : ૨૦ મુજબ જનભાગીદારીથી કામો કરવા જણાવેલ છે તે યોજનામા શિવશકિત સોસાયટી / સાઈઆશિષ / શિવઆશિષ વિગેરે સોસાયટીમા પેવર બ્લોક નાંખવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત....

ઠરાવ.:

આ કામ કમીટી સમક્ષ રજુ થતા ઠરાવ્યુ કે, વલસાડ નગરપાલિકાના જુદા જુદા વિસ્તારોમા ખાનગી સોસાયટીઓમા માળખાકીય સુવિધા જેવી કે પેવર બ્લોકના રસ્તા / પાણીની લાઈન / સ્ટ્રીટ લાઈટ વિગેરે માટે ૭૦ : ૧૦ : ૨૦ મુજબ જનભાગીદારીથી કામો કરવા જણાવેલ છે તે યોજનામા શિવશકિત સોસાયટી / સાઈઆશિષ / શિવઆશિષ વિગેરે સોસાયટીમા પેવર બ્લોક નાંખવા અંગેનુ જરૂરી એસ્ટીમેઈટ બનાવી જનભાગીદારીથી કામો કરવાનુ મંજુર કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનુ ઠરાવવામા આવે છે.

—સ.મ.મંજુર..

વ.કા.નં.૬

વિષય.: વોર્ડ નં.૧ના જુદા જુદા વિસ્તારમા પેવર બ્લોક —ગટર વિગેરેના કામો કરાવવાની જરૂરીયાત હોઈ જે અંગેનુ આવેલ એસ્ટીમેઈટ રૂા.: ૨૮,૨૭,૦૦૦—પુરા મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત...

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટી સમક્ષ રજુ થતા ઠરાવ્યુ કે,વોર્ડ નં.૧ના નીચે જણાવેલ જુદા જુદા વિસ્તારમા પેવર બ્લોક –ગટર વિગેરેના કામો કરાવવાની જરૂરીયાત હોઈ જે અંગેનુ આવેલ કામોનુ એસ્ટીમેઈટ રૂા.: ૨૮,૨૭,૦૦૦–પુરાનુ મંજુર કરવા સમગ્ર સભાને

ભલામણ કરવાનુ ઠરાવવામા આવે છે.

(૧)સ્કુલ સામે

(૨)ઢીંમર શેરીમા બાકી રહેલ કામ

(૩)બંદરરોડ,ખીમચંદ રોડ

(૪)કાટમાળવાળા પાસે

(૫)વલસાડ પારડી,વાડી ફળીયા

(૬)રાણા સમાજની વાડી

(૭)ખાટકીવાડ પાછળનો રોડ

–સ.મ.મંજુર..

<u>વ.કા.નં.૭</u>

<u>વિષય.:</u> મે. કલેકટર સાહેબની મળેલ સુચના મુજબ જીલ્લામાં (૧) વલસાડ નગરપાલિકા તથા (૨) પારડી નગરપાલિકા ખાતે(બે) સિવિક સેન્ટર બનાવવા જણાવેલ હોઈ, નગરપાલિકા ઓફીસ ખાતે સિવિક સેન્ટર તથા મ્યુનિ.હોસ્પીટલ ખાતે વિગેરે જુદી જુદી પાંચ જગ્યાએ સેટ કોમ સેન્ટર બનાવવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યુ કે, મે. કલેકટર સાહેબની મળેલ સુચના મુજબ જીલ્લામાં (૧) વલસાડ નગરપાલિકા તથા (૨) પારડી નગરપાલિકા ખાતે(બે) સિવિક સેન્ટર બનાવવા જણાવેલ છે. આ અંગે ૧૫ મી ઓગસ્ટ ૨૦૧૩ સુધીમાં શરૂ કરવાનું હોઈ, નીચે જણાવેલ સ્થળોએ ખાતે સિવિક સેન્ટર બનાવવાનું મંજુર કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવેછે.

(૧) નગરપાલિકા ઓફીસ – સિવિક સેન્ટર.

(૨) મ્યુનિ. હોસ્પીટલ ખાતે – સેટ કોમ સેન્ટર.

(૩) મહાત્મા ગાંધી લાયબ્રેરી ખાતે– સેટ કોમ સેન્ટર.

(૪) મોગરાવાડી ઝોન કચેરી –સેટ કોમ સેન્ટર.

(૫) અબ્રામા ઝોન કચેરી – સેટ કોમ સેન્ટર.

(૬) તરીયાવાડ હોલ ખાતે – સેટ કોમ સેન્ટર.

સ.મ.મંજુર..

<u>વ.કા.નં.:૮</u>

<u>વિષય.:</u> ડીઝાસ્ટર મેનેજમેન્ટ સેલ હેઠળ,વલસાડ નગરપાલિકાએ ચોમાસાની સીઝન દરમ્યાન કામગીરી માટે ઈમરજન્સી સેલ માટે મોબાઈલ ફોન ખરીદી કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત...

<u>ઠરાવ.:</u>

ડીઝાસ્ટર મેનેજમેન્ટ સેલ હેઠળ,વલસાડ નગરપાલિકાએ ચોમાસાની સીઝન દરમ્યાન કામગીરી માટે ઈમરજન્સી સેલ બનાવેલ છે.તેમજ સદર ટીમ ધ્વારા વિભાગવાર કામગીરી હાથ ધરવામા આવેલ છે તે મુજબ

અબ્રામા ખાતે આવેલ ડેમ ઉપર પાણીનુ લેવલ જાણવા માટે તેમજ ભારે વરસાદ કે પુર આવવાની સંભાવના અંગે માહીતગાર કરવા ડેમ લેવલની માહીતી ડીઝાસ્ટર વિભાગને આપવાની થાય છે. સદ ર કામગીરી વોટર વર્કસ ખાતેથી દર બે કલાકે આપવાની થાય છે. અબ્રામા હેડવર્કસ ખાતેનો ટેલીફોન ચોમાસાના કારણે વારંવાર બંધ થઈ જાય છે.તેવા સંજોગોમા માહીતી આપવામા ખુબજ મુશ્કેલી ઉભી થાય છે..

ઉપરોકત હકીકતો ધ્યાને લેતા ડીઝાસ્ટરની કામગીરી કરતા શ્રી બળવંતભાઈ રાઠોડના નામે " નોકીયા કંપની "નો એક મોબાઈલ રૂ.:૧૫૦૦–ની મર્યાદામા ખરીદી કરી તેનુ ચુકવણુ કરવાનુ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

વધુમા ઉપરોકત મોબાઈલના વપરાશનુ બીલ શ્રીબળવંતભાઈ રાઠોડના નામે આવશે અને તેનુ માસીક બીલ જે આવે તે તા.:૩૦–૧૦–૧૩ સુધી તથા ડીઝાસ્ટર ધ્વારા હુકમ થાય ત્યા સુધી અગર દર્શાવેલ તારીખ સુધી સીમકાર્ડનુ બીલ નગરપાલિકા ધ્વારા ભરવાનુ પણ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર...

વ.કા.નં.–૯.

વિષયઃ– હાલનાં જુના અને ખર્ચાળ કોમ્પ્યુટર સેટને ડીસ્પોલઝ કરી (એલ.સી.ડી. મોનીટર સહીત ) અધતન ટેકનોલોજી સાથે નવા કોમ્પ્યુટર તેમજ હેવી સરવર ખરીદવા બાબતે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવઃ–

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, ના. ગુજરાત સરકાર તરફથી રાજયની નગરપાલીકાઓમાં સને ૨૦૦૪–૦૫ ની સાલમાં ઈ–ગવર્નન્સ યોજના અંતર્ગત મોટા ભાગના ખાતાઓનું કોમ્પ્યુટરાઈઝેશન કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ તે અન્વયે આપણી નગરપાલિકામાં પણ અધતન મોનીટર સીપીયુ અને સરવર ખરીદવામાં આવેલ હતાં પરંતુ તમામ સેટ હવે જુના થતાં અને ભવિષ્યમાં આઈસોલેટેડ વિસ્તાર તેમજ બીજા ગામો આવવાની શકયતા હોય દર વર્ષે મિલકતોની સંખ્યામાં વધારો થતો હોય સીધાવેરા શાખામાં નવા ૨(બે) કોમ્પ્યુટર (એલ.સી.ડી.મોનીટર સહિત ) તેમજ અધતન ટેકનોલોજીવાળું ડેલ કંપનીનું **IBM 3100M4 Server**(હેવી સરવર) તેમજ નવા (બે) કોમ્પ્યુટર સેટ ખરીદવા અંગેની જરૂરી કાર્યવાહી કરી,આઈકોન ટેકનોલોજીસનું આવેલ કવોટેશનથી ખરીદી કરવાનું મંજુર કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

વ.કા.નં.–૧૦.

વિષયઃ– વર્ષ ૨૦૧૩–૧૪ દરમ્યાન જુદી જુદી સાઈઝનાં આર.સી.સી. સીમેન્ટ પાઈપ ખરીદવા અંગેનાં ૭૫૦ એમ.એમ.ડાયા, ૧૦૦૦એમ.એમ.ડાયા, ૧૪૦૦એમ.એમ.ડાયા, ૧૬૦૦ એમ.એમ.ડાયા,સીમેન્ટ આર.સી.સી. પાઈપ ખરીદવાનાં કામે આવેલ ભાવો મંજુર કરવા જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવઃ–

સને ૨૦૧૩–૧૪ વર્ષ દરમ્યાન જુદી જુદી સાઈઝનાં સીમેન્ટ આર.સી.સી.પાઈપ ખરીદ કરવાનાં કામે બહોળી પ્રસિધ્ધી ધરાવતાં દૈનિક પત્રમાં–ટેન્ડર નોટીસ પ્રસિધ્ધી કરાવી તા.:૭–૫–૨૦૧૩ સુધીમાં ટેન્ડરો મંગાવવામાં આવેલ હતાં. જેમાં નિયત કરેલ ટેન્ડર ફોર્મમાં ૭૫૦એમ. એમ. ડાયામીટર, ૧૦૦૦એમ. એમ. ડાયામીટર, ૧૪૦૦એમ. એમ. ડાયામીટર ,૧૬૦૦ એમ.એમ.ડાયામીટરવાળા ,સીમેન્ટ પાઈપનાં ભાવો મંગાવવામાં આવેલ નહીં. સદર જણાવેલ ડાયામીટરવાળા સીમેન્ટ પાઈપોની જરૂરીયાત જણાંય છે. સદર ડાયામીટરવાળા–સીમેન્ટ આર.સી.સી. પાઈપનાં ભાવો–નિયત કરવામાં આવેલ મુદત દરમ્યાનનાં પાંચ ટેન્ડરરો પૈકી બે–ટેન્ડરરો (૧) એપોલો હયુમ પાઈપ–લીલાપોર તથા (૨) લક્ષ્મી સીમેન્ટ પ્રોડકટસ, નંદાવલા–કેવાડા–વલસાડના ભાવો એકસ્ટ્રા ટેન્ડર ફોર્મમાં દર્શાવેલ હતાં. જેનું

..૨૧..

તુલનાત્મક પત્રક આ સાથે સામેલ છે. જેનાં ભાવો જોતાં એકંદરે લક્ષ્મી સીમેન્ટ પ્રોડકટસ, નંદાવલા,વલસાડનાં ભાવો નીચે વિગતે સૌથી ઓછાં આવેલ જણાતાં હોઈ, અને ઈજનેરશ્રી તથા ચીફ ઓફીસરશ્રીનાં રીપોર્ટઅન્વયે સદર ભાવે મંજુરતને પાત્ર હોઈ મંજુર કરવાનું ઠરાવવા તથા સદર ભાવે ખરીદી કરવાનું ઠરાવવામાં આવે છે.

| અ.નં. | વિગત. | સૌથી લોએસ્ટ આવેલ ભાવ રૂા. |
|---|---|---|
| ૧ | ૭૫૦ એમ. એમ. ડાયા. સીમેન્ટ પાઈપ (૨.૫મી.) લંબાઈવાળા. | |
| | **N.P.2** – કલાસ – ૧ **Rmt** નો ભાવ.. | રૂા.૧૫૯૦–૦૦ |
| | **N.P.3** – કલાસ – ૧ **Rmt** નો ભાવ.. | રૂા.૨૪૨૫–૦૦ |
| ૨ | ૧૦૦૦ એમ.એમ.ડાયા સીમેન્ટ પાઈપ. (૨.૫મી.)લંબાઈવાળા. | |
| | **N.P.2** – કલાસ – ૧ **Rmt** નો ભાવ.. | રૂા.૨૫૦૦–૦૦ |
| | **N.P.3** – કલાસ – ૧ **Rmt** નો ભાવ.. | રૂા.૩૮૦૦–૦૦ |
| ૩ | ૧૪૦૦ એમ.એમ.ડાયા સીમેન્ટ પાઈપ. (૨.૫મી.)લંબાઈવાળા. | |
| | **N.P.2** – કલાસ – ૧ **Rmt** નો ભાવ.. | રૂા.૫૭૨૦–૦૦ |
| | **N.P.3** – કલાસ – ૧ **Rmt** નો ભાવ.. | રૂા.૭૪૦૦–૦૦ |
| ૪ | ૧૬૦૦ એમ.એમ.ડાયા સીમેન્ટ પાઈપ. (૨.૫મી.)લંબાઈવાળા. | |
| | **N.P.2** – કલાસ – ૧ **Rmt** નો ભાવ.. | રૂા.૬૮૨૦–૦૦ |
| | **N.P.3** – કલાસ – ૧ **Rmt** નો ભાવ.. | રૂા.૮૩૧૫–૦૦ |

ઉપરોકત ભાવો ઉપરાંત ટેન્ડર શરત મુજબ ૪% વેટ **+** ૧% એડી.ટેક્ષ અલગથી ચુકવવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

સહી /– અવાચ્ય
(શ્રી ધર્મિન. પી. શાહ )
ચેરમેન
કારોબારી સમીતી
વલસાડનગરપાલિકા.